C.C.NO.2082/1994 (1)

D 1268

કેસ દાખલ તારીખઃ૩૦/૧૧/૧૯૯૪
રજી.થયા તારીખઃ૩૦/૧૧/૧૯૯૪
ફેસલ કર્યા તારીખઃ / /
સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

**અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૧૯.માં.,મુ.અમદાવાદ**

**ક્રિ.કે.નંબરઃ૨૦૮૨/૧૯૯૪.**
**આંકઃ**

ફરીયાદીઃ- શ્રી સરકાર.

**વિરૂધ્ધ.**

આરોપીઃ- (૧) કાંતીભાઈ દેવજીભાઈ પરમાર
રહેઃવિઝોલગામ,વણકરવાસ.
મુળગામઃ લેટર,તા.કંપડવંજ,જી.ખેડા.
(૨) ઈશ્વરભાઈ મથુરભાઈ રાવળ
રહેઃબારેજડી ગામ, રાવળવાસ,
તા.દસકોઈ,જી.અમદાવાદ.
(3) વનીતાબેન W/O મણીલાલ ડાહ્યાભાઈ પરમાર
રહેઃ વિઝોલ ગામ, વણકરવાસ, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રીમતી એસ.ડી. મહેતા.
આરોપી તરફે વિ.વ.શ્રી કે.કે.પટેલ.

---

**ગુનો-ઈ.પી.કો.કલમઃ૪૫૪,૩૮૦,૧૧૪ મુજબ**

# જજમેન્ટ

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ત્રણે આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગઈ તારીખઃ૧૨/૧૧/૯૪ માં ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદીના બંધ મકાનનુ તાળુ તોડી ઘરમાંથી ઘરવખરીનો સરસામાન કિંમત રૂપીયા ૨૫૫૦/-નો ચોકી કરી લઈ જઈ તેમ કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આ કામના આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં તેઓને સમન્સની ધારાધોરણસર બજવણી થતા, આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ ગુના સબબે આંકઃ૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જયારે આંકઃ૦૪ તથા ૦૫ થી આરોપીની ગુના સબબે પ્લી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા, ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે. જેથી સદર કેસની ઈન્સાફી

કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદર કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જતા આંકઃ૦૮ થી સમાધાન પુરસીસ રજુ રાખવામાં આવતા આરોપીઓ સામે નોંધાયેલ ગુનો બિન સમાધાન પાત્ર હોય સમાધાન પુરસીસ ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદી મણીભાઈ ડાહ્યાભાઈ પરમારની જુબાની | ૯ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદ | ૧૦ |

(૪) ફરીયાદ પક્ષે આંકઃ૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીએ ફરીયાદ પક્ષના આક્ષેપોની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૫) ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-૦ મુદ્દા ૦-**

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ત્રણે આરોપીઓએ એકબીજાની મદદગારીથી ગઈ તારીખઃ૧૨/૧૧/૯૪ માં ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદીના બંધ મકાનનુ તાળુ તોડી ઘરમાંથી ઘરવખરીનો સરસામાન કિંમત રૂપીયા ૨૫૫૦/-નો ચોકી કરી લઈ જઈ તેમ કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો. કલમઃ૪૫૪,૩૮૦,૧૧૪ મુજબના ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-**

**મુદ્દા નંબરઃ-૧.**

ફરીયાદ પક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ઈ. પી. કો. કલમઃ ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરિ રહેલો હોય છે તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

(૭) આ કામે ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંકઃ૦૯ થી ફરીયાદી મણીભાઈ ડાહ્યાભાઈ પરમારનાઓને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, આરોપીઓ વિરૂદ્ધ તા.૨૪/૧/૯૪ ના રોજ આઈ.પી.સી.ની કલમઃ૪૫૪,૩૮૦ અન્વયેની ફરીયાદ નોંધાવેલ. જે ફરીયાદ અનુસંધાને અદાલત દ્ધારા સી.આર.પી.સી.ની કલમઃ૧૫૬(૩) અન્વયેનો હુકમ કરવામાં આવેલો. આરોપીઓ વિરૂદ્ધ ઘરવખરીનો સામાન બ્લેક એન્ડ વાઈટ ટીવી, ટેપ રેકોર્ડેડ, કાનની બુટ્ટી, સોનાનો દોરો, પગની ચાંદીની ઝાંઝરી, નાના બાબાના હાથના કડા, ટેબલ ફેન, રોકડ રકમ અને ઘરની પરચુરણ વસ્તુઓ વાસણો બાબતેની ફરીયાદ શંકાના આધારે નોંધાવેલ હતી જે ફરીયાદમાં સહી ઓળખી બતાવતા ફરીયાદ આંકઃ૧૦ થી રજુ થયેલ છે. આ કામના આરોપીઓએ તેમની ગેરહાજરીમાં મકાનનુ તાળુ તોડી ઘરવખરીનો સામાન ચોરી કરી લઈ ગયેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદ અનુસંધાને

તમામ ચીજવસ્તુઓ પરત મળેલ છે. ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય એ.પી.પી.શ્રી નાઓએ હોસ્ટાઈલ સાહેદ તરીકે જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ ફરીયાદી ફરીયાદ હકીકતને લેશમાત્ર પુરાવો આપેલ નથી. બચાવ પક્ષે ફરીયાદીની ઊલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, શંકાના આધારે ફરીયાદ કરેલ હતી. આરોપીઓ ઘરમાં પ્રવેશ કરી બંધ મકાનનુ તાળુ તોડી કોઈ ચોરી કરેલ નથી.

(૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલા પ્રસ્તુત પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદ પક્ષે એક માત્ર ફરીયાદી મણીભાઈ ડાહ્યાભાઈ પરમારનાઓને તપાસવામાં આવેલા છે તે સિવાય અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી. ફરીયાદીની જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીઓ ફરીયાદીની ગેરહાજરીમાં ફરીયાદીના મકાનમાં પ્રવેશ કરી બંધ મકાનનુ તાળુ તોડી કોઈ ચોરી કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ફરીયાદીની જુબાની પરથી ફરીયાદીએ શંકાના આધારે ફરીયાદ કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આમ સમગ્ર હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરમાં ઘુસી જઈને ચોરી કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપ અંગેની હકીકતો ફરીયાદીના પુરાવાથી પુરવાર થતી ન હોય, ત્યારે ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબર:૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નંબર: ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ

કરવામાં આવે છે.

## -ઃ આ ખ રી હુ ક મ ઃ-

(૧) આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમઃ ૪૫૪, ૩૮૦, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમઃ ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આ કામના તમામ આરોપીએ રૂ.૫૦૦૦ નાં જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ રાખવો.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ બાબતે અગાઉ વચગાળાની કસ્ટડી બાબતે કરવામાં આવેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૨૮.૫.૯૮........................ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે.૦૦૮૪૯

આર.કે.સોનારા.